# દિવ્ય ભાસ્કર

સાચી વાત, બેધડક

રાજકોટ, ગુજરાત, ગુરુવાર 16 ઓક્ટોબર, 2025 | આસો વદ - 10, વિક્રમ સંવત 2081 | કુલ પાનાં : 34 | કિંમત ₹ 5.00, વર્ષ 21, અંક 240, મહાનગર


**દિવ્ય ભાસ્કર રાજકોટની 19મી વર્ષગાંઠ નિમિત્તે વિશેષ**

## સૌરાષ્ટ્રને વૈશ્વિક ઓળખ અપાવનાર ઉદ્યોગ સાહસિકો

રાજકોટ | વિશ્વનો કોઈપણ દેશ હોય સૌરાષ્ટ્રનું નામ આવે એટલે બિઝનેસની જ વાત હોય.રાજકોટ અને મોરબીના ઉદ્યોગ સાહસિકોએ માત્ર ભારતમાં જ નહીં પરંતુ એન્જિનિયરિંગ, એફએમસીજી, સિરામિક, એગ્રિકલ્ચર, સોલાર તેમજ રિઅલ એસ્ટેટ ક્ષેત્રે પોતાની અનોખી ઓળખ બનાવી છે. હાલ ટેરિફનો હાઉ મોટાભાગના ઉદ્યોગપતિઓને સતાવી રહ્યો છે ત્યારે સૌરાષ્ટ્રના આ ઉદ્યોગ સાહસિકોએ ભારતને કરોડો રૂપિયાનું વિદેશી હૂંડિયામણ પણ રળી આપ્યું છે. હવે પછીના 10 વર્ષ સૌરાષ્ટ્રના ઉદ્યોગોના જ હશે અને હાલ જે રોજગારી આ ઉદ્યોગોથી મળી રહી છે તે સંભવતઃ બમણી થઈ જશે.



### ચંદુભાઈ વિરાણી
ફાઉન્ડર & ચેરમેન - બાલાજી વેફર્સ

"શરૂઆત મોટી ન હોય તો ચાલે, ઈરાદો મોટો હોવો જોઈએ. સત્યતા અને મહેનત સાથે કામ કરશો તો સફળતા ચોક્કસ મળે છે." સમૃદ્ધિ સુધીનો માર્ગ કંડારનાર ઉદ્યમી વ્યક્તિ હજારો લોકોને રોજગાર આપી શકે છે. સાદગી, વ્યવસાયિક ઈમાનદારી અને કર્મનિષ્ઠાએ બાલાજી વેફર્સને એક "બ્રાન્ડ કરતા વધુ" એક ભાવનાત્મક સોપાન બનાવ્યું છે. બાલાજી વેફર્સે શરૂઆતમાં મેન્યુઅલ પ્રક્રિયાથી કામ શરૂ કર્યું, પરંતુ આજે અદ્યતન યંત્રો, ઓટોમેશન સાથે નવો યુગ ટેક્નોલોજી છે. જે ઉદ્યોગપતિ સમય સાથે ચાલે છે, તે જ સમયને આગળ લઈ જાય છે. બાલાજી વેફર્સ માત્ર કંપની નહીં, એક એવો પરિવાર છે જે દરેકને પ્રેરણા પૂરી પાડે છે.



### રાજેશભાઈ દોશી
સ્થાપક અને ચેરમેન - રાજુ ગ્રૂપ

સમર્પણ, કૌશલ્ય અને સંકલ્પનું પ્રતિબિંબ એટલે રાજુ એન્જિનિયર્સ. વ્યવસાય કે ઉદ્યોગમાં સ્પર્ધા નહીં, સહકાર વધુ હોવો જોઈએ. સૌરાષ્ટ્રની ધરતી ઉદ્યોગ અને પરિશ્રમની પ્રેરણા આપે છે; આપણે મળીને આ શક્તિને વિશ્વ સ્તરે લઈ જઈએ. જ્ઞાન, અનુભવ અને ટેક્નોલોજીનું વિતરણ જ આપણું સાચું બળ છે. ઉદ્યોગ એ સમાજ અને રાષ્ટ્ર બંને માટે પ્રગતિનું એન્જિન છે. રાજુ એન્જિનિયર્સના પરિવાર તરફથી આપ સૌને વચન આપું છું કે અમે ગુણવત્તા, વિશ્વાસ અને નવીનતાની આ યાત્રા સતત આગળ લઈ જઈશું. આપણી ઔદ્યોગિક ધરતીનું ગૌરવ વધારવા માટે.



### અશ્વિનભાઈ ગોહિલ
ચેરમેન - શક્તિમાન

નવીનતા અને ગુણવત્તાથી રાજકોટના ઉદ્યોગપતિઓએ ભારતને ગૌરવ અપાવ્યું છે. "સૌરાષ્ટ્ર આગામી દાયકામાં ભારતનું સૌથી પ્રગતિશીલ મેન્યુફેક્ચરિંગ હબ બનશે" રાજકોટના ઉદ્યોગપતિઓએ માત્ર પોતાની જ નહીં પરંતુ દેશની પણ ઓળખ બનાવી છે. એગ્રો મશીનરીથી લઈને એન્જિનિયરિંગ, સિરામિક્સ, ઓટોપાર્ટ્સ અને કાસ્ટિંગ જેવા ક્ષેત્રોમાં રાજકોટે અગ્રણી સ્થાન મેળવ્યું છે. સમયમાં ટેક્નોલોજી અને રિસર્ચ આધારિત મેન્યુફેક્ચરિંગ સૌથી મોટો ફેરફાર લાવશે. રાજકોટના ઉદ્યોગોની શક્તિ તેના લોકોમાં છે મહેનત, નવીનતા અને વિશ્વાસ. આ ત્રણ ગુણોને જાળવી રાખીએ તો રાજકોટના ઉદ્યોગો માત્ર રાષ્ટ્ર નહીં વૈશ્વિક સ્તરે પણ પ્રતિષ્ઠા હાંસલ કરશે.



### વિનેશભાઇ પટેલ
ચેરમેન અને એમ.ડી. - ઓર્બિટ બેરિંગ

ઓર્બિટ બેરિંગનું ઔદ્યોગિક એકમ *રાજકોટના મેટોડા જી.આઈ.ડી.સી.*માં આવેલું છે. હાલમાં કંપની ટેપર રોલર બેરિંગ, સિલિન્ડ્રિકલ રોલર બેરિંગ અને બોલ બેરિંગ્સનું ઉત્પાદન કરે છે અને પોતાના ઉત્પાદનોની નિકાસ વિશ્વના 15 દેશમાં કરે છે. ઓર્બિટના બેરિંગ્સ અને પાર્ટ્સ ટ્રક, ટ્રેક્ટર, ટ્રેલર્સ, ગિયરબોક્સ, કૃષિ સાધનો, એન્જિન્સ, કમ્પ્રેશર અને અન્ય ઔદ્યોગિક ક્ષેત્રોમાં વપરાય છે. જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકલ ફોર વોકલ અને સ્વદેશી ઉત્પાદનો પર ભાર મૂકે છે, ત્યારે ગુજરાત અને ભારત માટે એ ગર્વની વાત છે કે ઓર્બિટના બેરિંગ્સ વિશ્વની મોટી કંપનીઓ દ્વારા વપરાય છે.



### ભાવેશભાઇ વરમોરા
ચેરમેન - વરમોરા ગ્રૂપ

ભાવેશભાઇએ માર્ગદર્શક અને દૂરંદેશી વ્યૂહકાર તરીકે, તેમણે સંસ્થાના સફળતાના સ્તંભોને મજબૂત બનાવ્યા છે, વરમોરા ગ્રૂપના વિઝનને સાકાર કરવામાં અને તેના M&A (મર્જર એન્ડ અક્વિઝિશન) કાર્યક્રમોને આકાર આપવા માટે તેમણે નિર્ણાયક ભૂમિકા ભજવી છે. તેમના સુકાન હેઠળ વરમોરા ગ્રૂપ ગુજરાતની પ્રથમ એવી કંપની કે જેણે, વિશ્વપ્રસિદ્ધ ખાનગી ઈક્વિટી ફર્મ કાર્લાઇલ ગ્રૂપ સાથે વ્યૂહાત્મક ભાગીદારી કરી જે માત્ર આર્થિક વૃદ્ધિનું પ્રતીક નથી, પરંતુ વૈશ્વિક સ્તરે નવીનતા, વિશ્વસનીયતા અને પ્રતિષ્ઠાના નવા ધોરણ સ્થાપિત કરવાની પ્રતિબદ્ધતા પણ દર્શાવે છે.



### રાજુભાઈ પોબારૂ
બિલ્ડર - પ્રભુ ગ્રૂપ

બાંધકામ ક્ષેત્રમાં 42 વર્ષથી સતત કાર્યરત પ્રભુ ગ્રૂપે અત્યાર સુધીમાં 50થી વધુ પ્રોજેક્ટ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે. સમય સાથે ટેક્નોલોજી અને આધુનિકતાનો સ્વીકાર કરીને, આજે દરેક પ્રોજેક્ટ વિના વિલંબ સમયસર પૂર્ણ થાય છે. રાજકોટ હવે માત્ર એક શહેર નહીં પરંતુ સૌરાષ્ટ્રનું કેપિટલ સિટી બની રહ્યું છે. ધોરાજી, ઉપલેટા, માણાવદર, બાંટવા, પડધરી સહિત જામનગર જિલ્લાના લોકો રાજકોટ તરફ સ્થળાંતર કરી રહ્યા છે, સરકારની વિવિધ એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમો અને સબસિડી યોજનાઓને કારણે મધ્યમવર્ગ અને નાના લોકો માટે ઘર ખરીદવાનું સપનું હવે સહેલાઈથી સાકાર થવા લાગ્યું છે.



### પિન્ટુભાઈ પટેલ
ચેરમેન - બોમ્બે સુપર સીડ્સ

બોમ્બે સુપર સીડ્સ સમગ્ર એશિયામાં નંબર-1 સીડ્સ પ્રોસેસીંગ યુનિટનો દરજ્જો ધરાવે છે. બોમ્બે સુપર સમગ્ર ભારતમાં ટોપ 3માં સ્થાન ધરાવે છે. તેમજ NSE મેઇનબોર્ડ પર કૃષિ સૂચિબદ્ધ શ્રેણીમાં પ્રથમ સ્થાન ધરાવે છે. બોમ્બે સુપર સીડ્સ 200થી વધારે પ્રોડક્ટ પોર્ટફોલિયો ધરાવે છે તેમજ કંપની પાસે સમગ્ર ભારતમાં 1200થી વધારે ડિસ્ટ્રિબ્યૂટરની ચેનલ છે અને 20 લાખથી વધુ ખેડૂતો સાથે ડાયરેક્ટ કનેક્ટેડ છે અને સમગ્ર ભારતભરમાં સૌથી ઝડપથી આગળ વધતી સીડ્સ કંપની છે. બોમ્બે સુપરનું નેટવર્ક સમગ્ર ભારતના 22 રાજ્યોમાં તેમજ થાઈલેન્ડ, ફિલિપાઇન્સ, આફ્રિકા, ચીન, ઈટલી, રોમાનિયા, ગ્રીસ જેવા દેશોમાં છે.



### અશ્વિનભાઇ બોડા
એમ.ડી., - ક્રેડેન્સ સોલાર

ક્રેડેન્સ સોલારની વર્ષ 2021માં અશ્વિનભાઇ બોડાએ સ્થાપના કરી હતી. તેમણે B.E. ઇલેક્ટ્રિકનો અભ્યાસ કરી 12 વર્ષ સુધી વ્યવસાયમાં મહેનત અને ખંતથી ઇલેક્ટ્રિક ક્ષેત્રે ખૂબ પ્રગતિ કરી અને વર્ષ 2010માં ASCENT કંપનીની સ્થાપના કરી ઇલેક્ટ્રિક પેનલ મેન્યુફેક્ચરિંગ શરૂ કર્યું. 2012માં દીપજ્યોત એન્જિનિયરિંગ પ્રા.લિ. કંપનીની અને બાદમાં 2021માં ક્રેડેન્સ સોલારની સ્થાપના કરી અને તેઓએ ફર્સ્ટ ઇન્ડિયન કંપની કોમર્સિયલી G12 મોડ્યુલ પ્રસ્તુત કર્યું. ક્રેડેન્સ સોલાર 600 મેગાવોટ વીજળી ઉત્પાદન કરતી કંપની સાથે માત્ર 5 વર્ષના ટૂંકાગાળામાં 2025માં 2.2 ગીગાવોટ ઉત્પાદન સુધી વિસ્તારીત કરી સૌર ઊર્જામાં નામી કંપનીઓની હરોળમાં નામ અંકિત કર્યું.



### જગદીશભાઇ કોટડિયા
એમ.ડી. - ફેબ ટેક કેબલ પ્રા. લિ.

"મારા સાથે વધુમાં વધુ પરિવારોને રોજગાર મળે, તે જ મારી સાચી સફળતા." હાલ ફાલ્કન ગ્રૂપમાં 1200થી વધારે કર્મચારીઓ તેમની દિશા હેઠળ કાર્યરત છે આવનારા સમયમાં ફાલ્કન ગ્રૂપ અને ફેબટેક કેબલ પ્રા. લિ. માં 10000થી વધુ પરિવારને રોજગારી પૂરી પાડી તેમના જીવનનિર્વાહમાં સહભાગી બને તેવા નિશ્ચિત ધ્યેય મંત્ર સાથે કામ કરી રહ્યા છે. પૂજ્ય મોરારિબાપુએ પણ એક મુલાકાત દરમિયાન તેમની જીવનયાત્રાથી પ્રભાવિત થઇ પ્રશંસા વ્યક્ત કરી હતી. પરમ પૂજ્ય પાત ગૌસ્વામી 108 વ્રજરાજકુમારજી મહોદયશ્રી વ્રજરાજ મહારાજ સાથેની તેમની ચર્ચામાં પણ તેમના વિચારોની ઊંડાઈની ખૂબ પ્રશંસા થઇ હતી.



### જય જોબનપુત્રા
ડિરેક્ટર - JJ ગ્રૂપ ઓફ કંપનીઝ

"ગુણવત્તા અને પ્રામાણિકતાનો અર્થ એ છે કે યોગ્ય કાર્ય કરવાનું સતત પસંદ કરવું, ખાસ કરીને ત્યારે જ્યારે કોઈ જોતું નથી. અમારા દરેક પ્રોજેક્ટમાં એન્જિનિયરિંગ અને ઈમાનદારી બંનેનો સમન્વય છે." રાજકોટ જેવા ઝડપી વિકસતા શહેરોમાં, સ્માર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રીન બિલ્ડિંગ અને એફોર્ડેબલ હાઉસિંગ ક્ષેત્રે કંપની ખાસ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. પારદર્શક મૂલ્યાંકનથી લઈ સિસ્ટમ ઇન્ટિગ્રેશન, કોઈપણ પ્રકારના પડકારજનક પ્રોજેક્ટને પૂર્ણ કરવાનો મજબૂત ઈતિહાસ, અને પરિણામલક્ષી કાર્યપ્રણાલીનું આગવું ઉદાહરણ એટલે JJ ગ્રૂપ ઓફ કંપનીઝ.

**બિઝનેસ હબ** | 125 દેશમાં એક્સપોર્ટ અને 10000 કરોડથી વધુનું ટર્નઓવર ધરાવતા ઉદ્યોગની પ્રગતિ અટકાવવામાં વિશ્વના કોઈ દેશની કારી નહીં ફાવે

## અમેરિકાના 50% ટેરિફ છતાં રાજકોટના એન્જિનિયરિંગ ઉદ્યોગનો વિકાસ નહીં અટકે, પાંચ વર્ષમાં ફેક્ટરી અને રોજગારી બમણી થશે

જીજ્ઞેશ વૈદ | રાજકોટ

વૈશ્વિક સ્તરે હાલમાં ભારે અફરાતફરી છવાયેલી છે અને અમેરિકા થોડા સમય પહેલાં એન્જિનિયરિંગ ઉદ્યોગ પર ટેરિફ બમણા કર્યા બાદ છતાં રાજકોટના એન્જિનિયરિંગ ઉદ્યોગના વિકાસને બ્રેક મારવામાં નિષ્ફળ રહ્યું છે. રાજકોટના ઉદ્યોગ સાહસિકોએ જણાવ્યું હતું કે, આગામી પાંચ વર્ષમાં એન્જિનિયરિંગ ઉદ્યોગનો વિકાસ બમણો થશે તેમજ રોજગારી પણ બમણી થશે. જ્યારે ટર્નઓવર ત્રણથી ચાર ગણું વધશે.

રાજકોટ જિલ્લામાં કુલ 2,36,00 એમએસએમઇ ઉદ્યોગ આવેલા છે જેમાં મેન્યુફેક્ચરિંગ કરતાં અલગ અલગ ઉદ્યોગોની સંખ્યા 1 લાખની છે. જેમાંથી 90 હજાર એન્જિનિયરિંગ ઉદ્યોગ છે. આ એન્જિનિયરિંગ ઉદ્યોગોનું વાર્ષિક ટર્નઓવર રૂ.10 હજાર કરોડથી વધુ છે. જેમાં તેજ ગતિએ વધારો થઇ રહ્યો છે.

રાજકોટ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના સત્તાવાર સૂત્રોએ જણાવ્યા અનુસાર હાલમાં રાજકોટ શહેર અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારો અને જીઆઈડીસીમાં નાના-મોટા 90 હજાર જેટલા એન્જિનિયરિંગ ઉદ્યોગો કાર્યરત છે. આ ઉદ્યોગો ઓટોમોબાઈલ પાર્ટસ, મશીન ટુલ્સ, ફાઉન્ડ્રી એન્ડ કાસ્ટિંગ, ડીઝલ એન્જિન, પમ્પ, ફેબ્રિકેશન જેવી અનેક પ્રોડ્ક્ટના ઉત્પાદનમાં કાર્યરત છે. રાજકોટના ઉદ્યોગકારો 125 જેટલા દેશમાં વિવિધ પ્રોડક્ટ સપ્લાય કરી રહ્યા છે જેનું વાર્ષિક ટર્નઓવર 5000 કરોડથી વધુ છે. જેમાં આફ્રિકા, યુરોપ, અમેરિકા, લેટિન અમેરિકા, મિડલ ઈસ્ટ સહિતના દેશોનો સમાવેશ થાય છે. આગામી પાંચ વર્ષમાં રાજકોટ જિલ્લામાં એન્જિનિયરિંગ ઉદ્યોગોની સંખ્યા બમણી એટલે કે 2 લાખને આંબી જશે. તેમજ આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ છતાં વર્ષ 2032 સુધીમાં એન્જિનિયરિંગ ઉદ્યોગોમાં 20 લાખથી વધુ લોકોને રોજગારી મળશે. તેમજ ટર્નઓવર જે હાલ 10 હજાર કરોડ છે તે વધીને 20થી 30 હજાર કરોડ કરતાં પણ વધી જવાનો અંદાજ છે.

**જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગનો વિશ્વમાં ડંકો**

રાજકોટમાં સોના-ચાંદીના દાગીના ક્ષેત્રે 15000થી વધુ યુનિટો કાર્યરત છે અને તેમાં લગભગ 3 લાખથી વધુ કારીગરોને રોજગારી મળે છે. ઈમિટેશન જ્વેલરીના 5000થી વધુ યુનિટો કાર્યરત છે જેથી લગભગ 1 લાખ કરતા વધુ લોકોને રોજગારી મળે છે. ઈમિટેશન જ્વેલરીનું વાર્ષિક ટર્નઓવર રૂ.3 હજાર કરોડ કરતાં વધુ છે અને 2 લાખથી વધુ પરિવારને રોજીરોટી પૂરી પાડે છે.

### કુલ ઉત્પાદનમાંથી 50 ટકા માલની થાય છે નિકાસ, 10 લાખથી વધુ લોકોને રોજગારી પૂરી પાડતા ઉદ્યોગ થકી 2032માં 20 લાખ કરતાં વધુ પરિવારના ઘર ચાલશે તેવી આશા



**વિશ્વમાં ઝડપી વિકસતા શહેરોમાં રાજકોટ સાતમા ક્રમે, 2035માં જીડીપી 26.7 અબજ ડોલરે પહોંચવાની ધારણા**

ઓક્સફોર્ડ ઈકોનોમિક્સના અભ્યાસ અહેવાલો અનુસાર સૌથી ઝડપી આર્થિક વિકાસ પામી રહેલા વિશ્વના ટોપ ટેન શહેરોમાં રાજકોટ સાતમા ક્રમે છે. વર્ષ 2035 સુધીમાં આર્થિક વિકાસ દર 8.33 ટકા રહેવાનું અનુમાન છે. તેમજ રાજકોટનો જીડીપી 26.7 અબજ ડોલરે પહોંચે તેવી ધારણા છે.

**ભાસ્કર એક્સપર્ટ** નરેન્દ્રભાઇ પાંચાણી

### આ કારણોથી એન્જિનિયરિંગ ઉદ્યોગોને નહીં થાય નુકસાન



અમેરિકા જતો માલ ટેરિફના કારણે મોંઘો થયો છે, પરંતુ આપણા એન્જિનિયરિંગ ઉદ્યોગોને તેની કોઈ અસર નહીં થાય. હાલમાં આપણા દેશમાં જે મજૂરી ચાલે છે તે ભાવમાં અમેરિકાને કામ કરાવવું ન પોષાય. ઉદાહરણ તરીકે રાજકોટમાં એન્જિનિયરિંગ ઉદ્યોગમાં એક મજૂરને મહિને રૂ.15થી 20 હજાર મજૂરી ચૂકવવામાં આવે છે જ્યારે આ જ કામ જો તેની પાસે અમેરિકામાં કરાવવામાં આવે તો મજૂરી 3000 ડોલર એટલે કે રૂ.2.50 લાખ આસપાસ થઈ જાય. બીજું કાસ્ટિંગ અને ફાઉન્ડ્રી ઉદ્યોગો માટે અમેરિકાનું વાતાવરણ પ્રોપર નથી. આપણે ત્યાં નેચરલ ગરમી પડે છે જ્યારે અમેરિકામાં આ ઉદ્યોગ કરવો હોય તો 30થી 40 ડિગ્રી ટેમ્પરેચરવાળા રૂમ અને ગોડાઉન બનાવવા પડે. મશીનરી કોસ્ટ પણ તેમને આપણા કરતાં વધુ મોંઘી પડે. બીજું આપણા ઉદ્યોગકારો હળીમળીને બિઝનેસ કરે છે જે અમેરિકામાં શક્ય નથી. આપણા પર ટેરિફ લગાડવાથી અમેરિકાના ઈમ્પોર્ટરે નવા ભાવ રિકેલક્યુલેટ કરવા પડ્યા છે અને તેના પરિણામે ભારતના ઓટોમોબાઈલ પાર્ટસથી બનતી જનરલ મોટર્સ, ફોર્ડ ઈન્ડિયા, મર્સીડીઝ, ટેસલા જેવી કંપનીઓની કાર મોંઘી થઈ છે. તેમજ મશીનની સીનસીનાટી કંપની અને ડીએમજી રાજકોટથી મશીન ટુલ્સના પાર્ટસ ખરીદી ત્યાં સ્થાનિક ક્ષેત્રે વેપાર કરતાં હતા તેમને પણ ફટકો પડ્યો છે.

**આગામી સમયમાં હશે દબદબો**

### સોલાર પેનલ, મેડિકલ ડિવાઇસ અને API ઇન્ડસ્ટ્રીઝમાં રાજકોટની પા..પા..પગલી

રાજકોટ જિલ્લામાં સોલાર પેનલ મેન્યુફેક્ચરિંગ, મેડિકલ ડિવાઈસના ઉત્પાદન અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે એપીઆઇ ઈન્ડસ્ટ્રીઝનો ઉદય થયો છે. તેમાં પણ ખાસ કરીને એપીઆઇ ઈન્ડસ્ટ્રીઝમાં અત્યાર સુધી દવા બનાવતી કંપનીઓએ રો-મટિરિયલ્સ ચાઇનાથી ઈમ્પોર્ટ કરવા પડતા હતા જે હવે રાજકોટમાં તેનું ઉત્પાદન થઇ રહ્યું છે. અહીં નવી 5 એપીઆઇ ઈન્ડસ્ટ્રીઝ, 5 સોલાર પેનલ ફેક્ટરી અને 6 મેડિકલ ડિવાઈસની ફેક્ટરીઓ શરૂ થઇ ગઇ છે અને ટૂંક સમયમાં નવી જીઆઇડીસીમાં નવી મોટી-મોટી કંપનીઓ સ્થપાશે.

**ચોક્કસ પોલિસી જરૂરી**

### સરકાર આ પગલાં લે તો વિકાસને પાંખ લાગે

રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશનના પ્રમુખે જણાવ્યું હતું કે, સરકારી કામગીરીમાં સિંગલ વિન્ડો ક્લિયરન્સ હોવા જોઈએ. જીએસટી ભરવો છે પરંતુ તે ભરવાની પ્રોસેસ કડાકૂટ ભરેલી છે. તેમાં ઓટો સિસ્ટમ ગોઠવવી જરૂરી છે. સરકારી લાઈસન્સ માટેની પ્રક્રિયા સરળ કરવી જોઈએ. તેમજ સૌથી અગત્યનું રાજકોટમાં ટ્રેડ ડેવલપમેન્ટ માટેની પોલિસીની જરૂરિયાત છે.

**આ બધી કચેરીઓ રાજકોટ હોવાથી ઉદ્યોગોને રાહત**

- મિનિસ્ટ્રી ઓફ MSME DFO
- NSIC
- DGFT
- BIS
- મિનિસ્ટ્રી ઓફ હેવી ઈન્ડસ્ટ્રીઝ (સેન્ટ્રલ ઓફ એક્સેલન્સ)

**રાજ્યભરમાં અવ્વલ**

### રાજકોટ જિલ્લામાં 2.36 લાખ MSME, 10.90 લાખ લોકોને મળે છે રોજગારી

ગુજરાતમાં ગત વર્ષે એમએસએમઈની સંખ્યા ઘટી હતી જ્યારે રાજકોટ જિલ્લામાં વધી છે અને સમગ્ર રાજ્યમાં ત્રીજા ભાગના એમએસએમઇ રાજકોટ જિલ્લામાં આવેલા છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર એમ.કે.લાડાણીએ જણાવ્યા અનુસાર હાલ રાજકોટ જિલ્લામાં કુલ 2,36,860 એમએસએમઇ આવેલા છે અને તેના થકી કુલ 10,90,000 લોકોને રોજગારી મળી રહી છે. જેમાં માઈક્રો ઉદ્યોગો 2,28,000, સ્મોલ સ્કેલના 8000 અને મીડિયમ સ્કેલના 860 ઉદ્યોગનો સમાવેશ થાય છે.

**2 લાખ લોકોને રોજગારી**

### ચીન સાથે હરીફાઇ | સિરામિક ઉદ્યોગનું વાર્ષિક ટર્નઓવર રૂ.65 હજાર કરોડ



**મોરબી |** એક સમયે વિશ્વમાં ચીન અલગ અલગ સિરામિક પ્રોડક્ટ પર એકચક્રી શાસન કરતું હતું તેને મોરબીનો સિરામિક ઉદ્યોગ ટક્કર આપી રહ્યું છે. આજથી ત્રણ દશકા પહેલાં શરૂ થયેલા આ ઉદ્યોગમાં આજે 750થી વધુ યુનિટો ધમધમી રહ્યા છે. અંદાજિત રૂ.65 હજાર કરોડનું વર્ષિક ટનઓવર થાય છે. લગભગ 2.5 લાખ લોકોને સીધી રોજગારી આપે છે. આ ઉપરાંત ઈન ડાયરેક્ટ લગભગ 5 લાખ લોકો રોજીરોટી મેળવી રહ્યા છે. મોરબીના સિરામિક ઉદ્યોગની હરણફાળ પ્રગતિ ભારત જ નહીં પણ યુરોપ, આફ્રિકા, અમેરિકા, રશિયા, ગલ્ફ દેશો સહિતના 185 દેશ સુધી પહોંચી છે. આ દેશમાં પણ મોરબીના ઉદ્યોગકારો વાર્ષિક 21 હજાર કરોડથી વધુનું એક્સપોર્ટ દેશના વિદેશી હૂંડિયામણમાં મહત્ત્વનું યોગદાન આપી રહ્યા છે. આજે ડિજિટલ પ્રેસ અને આધુનિક કિલન થકી દૈનિક 20 હજાર બોક્સ સુધી ઉત્પાદન થાય છે. આવનાર 10 વર્ષમાં તેની ક્ષમતા 40 હજાર બોક્સ કરવા સુધીની ટેક્નોલોજી લાવવાનું આયોજન છે. આ ઉપરાંત વધુ મજબૂત ટાઈલ્સનું નિર્માણ થાય તે માટે અત્યાધુનિક ટેક્નોલોજી પર ફોકસ વધશે.

### આ ઉદ્યોગોની મોનોપોલીએ પણ રાજકોટને વૈશ્વિક સ્તરે આપી છે અનોખી ઓળખ

- મોરબીના સિરામિક ઉદ્યોગ
- જામનગરના બ્રાસ પાર્ટસ ઉદ્યોગ
- જસદણના ઓક્સિડાઈઝ બોક્સ ઉદ્યોગ
- જસદણનો હીરા ઉદ્યોગ
- શેરમાર્કેટમાં પણ આઈપીઓ ક્ષેત્રે દેશમાં અગ્રેસર
- સબમર્સિબલ પમ્પ
- ઓટોમોબાઈલ ઉદ્યોગ
- ફાઉન્ડ્રી એન્ડ ફોર્જિંગ
- કાસ્ટિંગ ઉદ્યોગ
- ડીઝલ એન્જિન
- પ્લાસ્ટિક ઉદ્યોગ
- ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ તેમાં પણ ખાસ કરીને નમકીન ઉદ્યોગ

**આ ત્રણ ઉદ્યોગમાં સમગ્ર વિશ્વમાં રાજકોટનું 'રાજ'**

- ફાઉન્ડ્રી એન્ડ ફોર્જિંગ
- ઓટોમોબાઇલ
- મશીન ટુલ્સ ઉદ્યોગ

## દિવ્ય ભાસ્કર રાજકોટની 19મી વર્ષગાંઠ નિમિત્તે વિશેષ

# સામાન્ય માણસથી સફળ ઉદ્યોગપતિ સુધીની પ્રેરણાદાયક સફર



**ચંદુભાઈ વિરાણી**
ફાઉન્ડર & ચેરમેન-બાલાજી વેફર્સ

બાલાજી વેફર્સ માત્ર ચિપ્સનું નામ નથી તે ગુજરાતની ઉદ્યોગસાહસિકતા અને સંઘર્ષની સફળ કહાની છે. રાજકોટની ધરતી પરથી શરૂ થયેલું સ્વાદનું સામ્રાજ્ય આજે સમગ્ર ભારત સહિત વિશ્વના હૃદયમાં વસે છે. ગુજરાતની ઉદ્યોગ પરંપરા, મહેનત અને સંઘર્ષનું જીવંત ઉદાહરણ છે ચંદુભાઈ વિરાણી અને તેમનું સોપાન બાલાજી વેફર્સ. રાજકોટના નાના પાયેથી શરૂ થયેલો આ પ્રવાસ આજે દેશના સૌથી મોટી ત્રણ સ્નેક્સ બ્રાન્ડમાંની એક બની ગઈ છે. 1982માં ચંદુભાઈએ પોતાના ભાઈઓ ભીખુભાઈ અને કનુભાઈ સાથે મળી રાજકોટના સ્થાનિક સિનેમા હોલ "એસ્ટ્રોન સિનેમા"માં ચિપ્સ વેચવાનું શરૂ કર્યું. આ નાનો પ્રયાસ એક વિશાળ બિઝનેસમાં ફેરવાઈ ગયો જે તેમની મહેનત અને સંઘર્ષનું પ્રતિબિંબ છે. ગુણવત્તા અને ઈમાનદારી અને વિશ્વાસ કે તમારી સાથે જોડાયેલા દરેક વ્યક્તિને સંતોષ આપો તમે આપો આપ આગળ આવી જશો. ચંદુભાઈએ તેમના ગ્રાહક પરિવારને હંમેશા પ્રાથમિકતા આપી છે તેઓ કહે છે કે "ગ્રાહક આપણો ભગવાન છે, તેને ક્યારેય નિરાશ ન કરવા." આ જ સિદ્ધાંત પર ચાલીને બાલાજીએ પોતાના પ્રોડક્ટ્સ પોટેટો ચિપ્સ, નમકીન અને સ્નેક્સમાં સ્વાદના ઓજસ પાથરી ભારતમાં ઘરઘર પહોંચ હાંસલ કરી છે. આજે બાલાજી વેફર્સ પાસે રાજકોટ, વલસાડ, ઈન્દોર અને ઉત્તરપ્રદેશમાં અદ્યતન ટેક્નોલોજીથી સજ્જ મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ છે. જ્યાં દરરોજ કરોડો પેકેટ્સ તૈયાર થાય છે. તેમજ બેંગ્લોર પાસે નવું યુનિટ તૈયાર થઈ રહ્યું છે. બ્રાન્ડ હવે "મેડ ઈન રાજકોટ" થી આગળ વધીને "મેડ ઈન ઈન્ડિયા, સોલ્ડ ગ્લોબલી" સુધી પહોંચી ગયું છે. કંપની પાસે હાલમાં ૧,૭૦૦થી વધુ ડીલર્સ છે, જેમાં કોઈએ રિક્ષા ચલાવી તો કોઈએ નોકરીથી કરી હતી, પરંતુ બાલાજી વેફર્સ સાથે જોડાયા બાદ આજે મહિને ૯ કરોડ રૂપિયા સુધીનું સેલ્સ હાંસલ કરી રહ્યાં છે. બાલાજી વેફર્સની વિશેષતા એ છે કે અહીં માત્ર ડિગ્રી નહીં, પણ પ્રેક્ટિકલ વર્ક નોલેજ અને સમર્પણના આધારે પણ વ્યક્તિ સફળ બની શકે છે. અમુક ડીલર્સ એવા છે કે, જેઓએ વિદેશની નોકરી છોડીને અહીં ઉદ્યોગમાં સ્થાન બનાવ્યું છે અને બાલાજી વેફર્સ સાથે જોડાયા બાદ કરોડોનું ટર્નઓવર કરી રહ્યા છે. ઘણા ડીલર્સની નવી પેઢી હવે બાલાજી વેફર્સની ડીલરશિપ સંભાળી રહી છે, જે કંપનીની લાંબાગાળાની વિશ્વસનીયતા અને ડીલર્સ સાથેના મજબૂત સંબંધનું જીવંત પ્રતિબિંબ છે. હાલમાં કંપની હરિયાણા, બિહાર, છત્તીસગઢ, ઝારખંડ તેમજ દિલ્હીના વિસ્તારોમાં ડીલર નેટવર્કનું વિસ્તરણ કરી રહી છે. ૨૫થી વધુ દેશોમાં એક્સપોર્ટ કરે છે અને દેશના ૧૫થી વધુ રાજ્યોમાં પોતાના પ્રોડક્ટ્સ પહોંચાડે છે.

### ૩૯ વર્ષની સફરમાં સંશોધન, નવીનતા અને પારદર્શિતાથી ઉદ્યોગ જગતમાં આગેવાની કરનાર

# રાજુ એન્જિનિયર્સ લિમિટેડનો વૈશ્વિક પ્રભાવ : સ્થાપકની દ્રષ્ટિથી નવી પેઢીના ઉદ્યમ સુધી



**રાજેશ દોશી**
સ્થાપક અને ચેરમેન, રાજુ ગ્રૂપ

૧૯૮૬માં ગુજરાતના માણાવદરમાં ચંદ્રકાંત એન. દોશી અને રાજેશ એન. દોશીના દ્રષ્ટિપૂર્ણ નેતૃત્વ હેઠળ સ્થાપિત રાજુ એન્જિનિયર્સ લિમિટેડ આજે વૈશ્વિક પ્લાસ્ટિક એક્સટ્રુઝન મશીનરી ઉદ્યોગની અગ્રણી કંપની બની ગઈ છે. શરૂઆતથી જ કંપનીએ સંશોધન અને વૈશ્વિક ટેક્નોલોજીના સ્થાનિકીકરણ ઉપર ભાર મૂકીને એફોર્ડેબલ, વિશ્વસનીય અને ઉચ્ચ ગુણવત્તાવાળી મશીનોના ઉત્પાદન માટે અનોખી ઓળખ ઉભી કરી છે. ૧૯૯૪માં શાપર ઉદ્યોગિક વિસ્તારમાં મેન્યુફેક્ચરીંગ એકમની સ્થાપના કર્યા બાદ કંપનીએ સતત સફળતાઓ હાંસલ કરી છે. હાલ કંપનીના કુલ વેચાણનું આશરે ૬૦% નિકાસ થાય છે, તેના ઉત્પાદનો ૭૦થી વધુ દેશોમાં પહોંચ્યા છે. તાજેતરમાં રાજુ એન્જિનિયર્સ લિમિટેડે ૭૦ વર્ષ પહેલા કોહલી ઈન્ડસ્ટ્રીઝ ના નામે ચાલુ થયેલી કોહલી પ્રિન્ટિંગ એન્ડ કન્વર્ટિંગ મશીન્સ પ્રા. લિ.માં ૬૦% હિસ્સો હસ્તગત કરીને ફિલ્મ ઉત્પાદન સાથે ફિલ્મ પ્રિન્ટિંગ અને કન્વર્ટિંગ મશીનરી ક્ષેત્રે પણ મજબૂત પ્રવેશ કર્યો છે. કંપની વર્ષ ૨૦૧૨થી દેવામુક્ત રહી છે અને ૨૦૦૨ થી સતત ૧૫થી ૩૫% ડીવીડંડ આપીને રોકાણકારોમાં વિશ્વાસ સ્થાપિત કર્યો છે. હવે રાજુ ગ્રૂપની સેકન્ડ જનરેશન એટલે કે ખુશ્બુ ચંદ્રકાંત દોશી અને ઉત્સવ કિશોર દોશીની આગેવાની હેઠળ કંપની એક નવી ઊંચાઈએ પહોંચી રહી છે.સાથે સાથે કરિશ્મા રાજેશ દોશી તમામ એકમોનું માર્કેટિંગ કોમ્યુનિકેશન અને વ્યુહરચના માં નવા દ્રષ્ટિકોણ ઉમેરી રહ્યા છે. નવી પેઢી ઓટોમેશન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને સ્માર્ટ મેન્યુફેક્ચરિંગના ઉપયોગથી ઉત્પાદન ક્ષમતા વધારી રહી છે અને વૈશ્વિક ધોરણો મુજબ એનર્જી એફિસીયંટ મશીનો બનાવી રહ્યા છે. રાજુ ગ્રૂપની બીજી કંપની એસેન સ્પેશ્યાલીટી ફિલ્મ્સ લિમિટેડ પણ વૈશ્વિક બજારમાં સફળતાપૂર્વક કાર્યરત છે. NSEમાં લિસ્ટેડ આ કંપની ૧૦-૧૫% ડીવીડંડ આપતી રહી છે અને પોતાના ૮૦% ઉત્પાદનની નિકાસ કરે છે. પલ્લવ કિશોર દોશી, ઉત્કર્ષ રાજેશ દોશી અને અંકિત અજય શાહના નેતૃત્વ હેઠળ કંપની કુત્રિમ ફૂલો, યોગામેટ, હોમ ડેકોર અને રીટેલ પ્રોડક્ટ્સ માટે વિશ્વપ્રસિદ્ધ બની છે. રાજુ ગ્રૂપનું ભવિષ્ય દ્દષ્ટિકોણ સ્પષ્ટ છે ૮૦ એકર ઉદ્યોગિક જમીન ઉપર નવી ટેકનોલોજી, સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ અને ગ્રીન એનર્જીનો ઉપયોગ કરીને ઉત્પાદન ક્ષમતા બમણી કરવાની યોજના વર્ષ ૨૦૨૬- ૨૭ સુધી પૂર્ણ કરવાની છે. નવી પેઢીના ઉત્સાહ અને નવીનતાના કારણે રાજુ એન્જિનિયર્સ લિમિટેડ તથા એસેન સ્પેશ્યાલીટી ફિલ્મ્સ લિમિટેડ ઉદ્યોગજગતમાં ભારતના ગૌરવપૂર્ણ ઉદાહરણ તરીકે ઉભરી રહ્યાં છે.

### સ્થાનિકમાંથી રાષ્ટ્રીય સફળતાનો માઈલસ્ટોન

# શક્તિમાન : ભારતીય ખેડૂતની શક્તિનો પ્રતીક



**અશ્વિનભાઈ ગોહિલ**
ચેરમેન
શક્તિમાન

રાજકોટ: રાજકોટની ધરતી પરથી શરૂ થયેલી તીર્થ એગ્રો ટેક્નોલોજી પ્રા. લિ. આજે સમગ્ર વિશ્વમાં "શક્તિમાન" બ્રાન્ડ તરીકે ઓળખાય છે. કંપનીના ચેરમેનશ્રી અશ્વિનભાઈ ગોહિલ એક સહજ, સરળ અને દૃઢ વિચારશક્તિ ધરાવતા ઉદ્યોગસાહસિક છે, જેમણે કૃષિ ક્ષેત્રમાં ટેક્નોલોજીનો વ્યાપ વધારીને ભારતીય ખેડૂતને વધુ સક્ષમ બનાવવાનો ધ્યેય અપનાવ્યો છે. કંપનીના ચેરમેનશ્રી અશ્વિનભાઈ ગોહિલનો દૃષ્ટિકોણ સ્પષ્ટ અને અસરકારક છે. જેમાં "કૃષિ સાધનોને વધુ સસ્તા, અસરકારક અને ટેક્નોલોજિકલ રીતે અદ્યતન બનાવીને ખેડૂતને શક્તિમાન બનાવવો." એમના આ માર્ગદર્શક વિચારોના આધારે આજે તીર્થ એગ્રો એક સુવ્યવસ્થિત કોર્પોરેટ સિસ્ટમ હેઠળ કાર્યરત છે, જ્યાં દરેક વિભાગ પોતાની જવાબદારી સાથે સમર્પિતપણે કાર્ય કરે તેવી પારિવારિક ભાવના કેળવાય છે. કંપનીના તમામ કર્મચારીઓ ચેરમેન અશ્વિનભાઈ ગોહિલ માટે માત્ર સ્ટાફ નહીં પરંતુ એક પરિવાર સમાન છે. તેમની ટીમના સહયોગથી જ આજે "શક્તિમાન" રોટરી ટીલર (રોટાવેટર) અને કૃષિ મશીનરી વિશ્વભરમાં પોતાની એક અલગ ઓળખ ધરાવે છે. કૃષિ ક્ષેત્રમાં અગ્રણી સ્થાન ધરાવતી આ કંપની વિશ્વમાં સૌથી વધુ રોટાવેટર અને વિશિષ્ટ કૃષિ મશીનોના ઉત્પાદન માટે જાણીતી બની છે. 25 વર્ષથી વધુના અનુભવ સાથે, તીર્થ એગ્રો ટેક્નોલોજી પ્રા. લિ. નવીનતાને કેન્દ્રસ્થાને રાખીને ખેડૂત માટે આધુનિક કૃષિ ઉપકરણો બનાવે છે. વૈશ્વિક સ્તરે કંપનીના ઉત્પાદનો વિવિધ દેશોના ખેડૂતોને તેમની જરૂરિયાત મુજબ વ્યક્તિગત હલ પૂરા પાડે છે – જે કંપનીની મુખ્ય તાકાત છે. 1997માં પ્રગતિશીલ ખેડૂત શ્રી લધુભાઈ એચ. ગોહિલ દ્વારા "એ.જી. એગ્રો ઈન્ડસ્ટ્રીઝ" તરીકે સ્થાપિત આ કંપનીએ, ટૂંક સમયમાં જ કૃષિ સ્પેર પાર્ટ્સના ઉત્પાદનથી આગળ વધીને "શક્તિમાન" બ્રાન્ડ હેઠળ સંપૂર્ણ કૃષિ સાધન લાઈન શરૂ કરી. આજે, તીર્થ એગ્રો માત્ર ભારતીય નહીં પરંતુ વૈશ્વિક કૃષિ મશીનરી ક્ષેત્રમાં નવીનતા અને ગુણવત્તાનું પ્રતીક બની ગઈ છે.

# ઓર્બિટ બેરિંગ: એન્જિનિયરિંગ ક્ષેત્રમાં એક્સિલન્સ-આધુનિકતાનું શ્રેષ્ઠ ઉદાહરણ



**વિનેશભાઇ પટેલ**
ચેરમેન અને એમ.ડી.
ઓર્બિટ બેરિંગ

રાજકોટમાં 1990માં ઓર્બિટ બેરિંગની સ્થાપના કરવામાં આવી હતી. આ માત્ર એક વ્યવસાયિક શરૂઆત ન હતી, પરંતુ પેઢીના માલિક વિનેશભાઈ પટેલનું સપનું હતું. આ સપનાને સાકાર કરવા માટે વિપુલભાઈ. પટેલ પરિવારના સભ્યો અને ઓર્બિટ બેરિંગ ટીમ દ્વારા શ્રમ અને પ્રતિબદ્ધતા જોવા મળી. "1990થી ઓર્બિટ બેરિંગની સ્થાપના પછી, અમે સતત આધુનિકીકરણની પ્રક્રિયામાં રહી રહ્યા છીએ, અને આ પ્રક્રિયા આજ સુધી નિરંતર ચાલુ છે. એટલેજ લોકો ઓર્બિટ બેરિંગને એન્જિનિયરિંગ ક્ષેત્રમાં એક્સલન્સ અને આધુનિકતાનું આગવું ઉદાહરણ માને છે."

"ઓર્બિટને શું અલગ પાડે છે?" પ્રથમ, જે કંઈ કરીએ તેમાં વૈશ્વિક સ્તરે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો અભિગમ. આજે અમારી વેચાણમાંથી 50% થી વધુ યુરોપ અને યુએસએમાં થાય છે. અમે રાજકોટમાં બેરિંગ્સ બનાવીએ છીએ પણ તેની ગુણવત્તા વિશ્વના માપદંડો પ્રમાણે તૈયાર કરીએ છીએ. બીજું, નવીનતા. અનુસરણ કરતાં આગળ વધવું જરૂરી છે અનુયાયી બનીને નેતૃત્વ હાંસલ થતું નથી. એટલા માટે અમે R&D પર સતત ધ્યાન આપીએ છીએ. અને અમારા એન્જિનિયરો નવા, નવીન ઉત્પાદનો વિકસાવવામાં અવિરત પ્રયત્નશીલ રહે છે. જે ઉદ્યોગ માટે ખરેખર ગેમ ચેન્જર્સ સાબિત થાય છે. એ જ અમારી સાચી શક્તિ છે એ જ અમને અલગ ઓળખ આપે છે! ઓર્બિટ બેરિંગ 35 વર્ષથી સફળતાપૂર્વક કાર્યરત છે. કંપનીમાં અનુભવી કર્મચારીઓની ટીમ છે, જે રોજના 1,00,000થી વધુ બેરિંગ્સનું ઉત્પાદન કરી શકે છે. ઓર્બિટ માત્ર એક કંપની નથી, પરંતુ વિશાળ પરિવાર, જેની મહેનત, કુશળતા અને અનુભવે ગ્રાહકોને એડવાન્સ ટેક્નોલોજી સાથેના બેરિંગ્સ પૂરા પાડવામાં મદદ કરે છે. ઓર્બિટ પ્રથમ ભારતીય કંપની હતી, જે યુરોપિયન ટ્રક-ટ્રેલર ઉત્પાદક કંપનીઓને હબ બેરિંગ્સ પૂરા પાડતી. આ કાર્યક્ષમતા અને પ્રતિબદ્ધતા માટે ઓર્બિટને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનેક એવોર્ડ અને એચિવમેન્ટ મળી ચૂક્યા છે. ઓર્બિટ બેરિંગ ગ્રાહકોને વચન આપે છે કે, એન્જિનિયરિંગ એક્સલન્સ અને ટેક્નોલોજીમાં સતત સુધારો હંમેશા ચાલુ રહેશે અને નવી ઉદ્યોગ ધોરણો સ્થાપિત કરવા કંપની સતત પ્રયત્નશીલ રહેશે.

### વરમોરા ગ્રેનિટો લિમિટેડ: સિરામિક ઉત્કૃષ્ટતાનો અમૂલ્ય વારસો

# મોરબીથી વિશ્વ સુધી સિરામિક ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરતું સોપાન "વરમોરા"



**પરસોત્તમભાઈ વરમોરા**



**વલ્લભભાઈ વરમોરા**



**રમણભાઈ વરમોરા**

ભારતના સિરામિક ઉદ્યોગમાં અગ્રણી સ્થાન ધરાવતું વરમોરા ગ્રૂપ આજે ગુણવત્તા, નવીનતા અને વિશ્વાસનું પ્રતિક બની ગયું છે. ગ્રૂપની મુખ્ય એકમ વરમોરા ગ્રેનિટો લિમિટેડ ટાઈલ્સ, બાથવેર, સેનિટરીવેર અને એડહેસિવ્સના ઉત્પાદન ક્ષેત્રે પ્રતિષ્ઠિત નામ ધરાવે છે. જેમની સ્થાપના ૧૯૯૪માં પરસોત્તમભાઈ જીવરાજભાઈ વરમોરા, વલ્લભભાઈ જીવરાજભાઈ વરમોરા તેમજ રમણભાઈ જીવરાજભાઈ વરમોરાએ કરી હતી. એશિયામાં સૌ પ્રથમ વખત IST (ઈન્ટિગ્રેટેડ સ્ટોન ટેક્નોલોજી) લોંચ કરનાર કંપની વરમોરા નવીનતા અને આધુનિકતા બંનેમાં અગ્રેસર રહી છે. IST દ્વારા ફુલ બોડી નેચરલ માર્બલ રેપ્લિકાનું એશિયામાં માત્ર વરમોરા ગ્રૂપ જ ઉત્પાદન કરી રહ્યું છે. મોરબી સહિત કુલ 9 ઉત્પાદન પ્લાન્ટ ઉપલબ્ધ છે. ફેબ્રુઆરી 2026માં વરમોરા ગ્રૂપ સબ્સિડિયરી થકી નોર્થ-ઈસ્ટમાં મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ શરૂ કરવા જઈ રહ્યા છે. આજે વરમોરાએ ભારતની લાર્જેસ્ટ કંપનીની હરોળમાં પોતાનું સ્થાન હાંસલ કર્યું છે. કંપનીએ વર્ષોથી અવિરત મહેનત અને ટેક્નોલોજિકલ સુધારાઓ દ્વારા એક અગ્રણી ઉદ્યોગ તરીકે ઓળખ સ્થાપિત કરી છે. ઇન-હાઉસ મેન્યુફેક્ચરિંગ ક્ષમતાઓ અને વૈશ્વિક ગુણવત્તા ધોરણોને અનુરૂપ પ્રોડક્ટ લાઈનના કારણે વરમોરા આજે 100થી વધુ દેશોમાં પોતાની પ્રોડક્ટ પહોંચાડી રહી છે. જેમાં યુ.એસ., લેટિન અમેરિકા તેમજ ફાર-ઈસ્ટ સહિતના દેશોમાં વરમોરા તેમની પ્રોડક્ટનું એક્સપોર્ટ કરી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સ્તરે મજબૂત નેટવર્ક સાથે, વરમોરા પાસે હાલમાં 275થી વધું વિશિષ્ટ બ્રાન્ડ આઉટલેટ્સ અને સમગ્ર ભારતમાં 2,000થી વધુ મલ્ટિ-બ્રાન્ડ આઉટલેટ્સ છે. નવીનતા, ટકાઉપણું અને ગ્રાહક સંતોષ પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતા કંપનીને સતત નવી ઊંચાઈઓએ પહોંચાડે છે. સતત નવીનતા અને યથાસ્થિતિ માટે અવિરત પડકાર દ્વારા, વરમોરા એવા સિરામિક ઉકેલો સર્જે છે જે જીવનને હકારાત્મક રીતે સ્પર્શે છે.

### રાજકોટનું અગ્રણી રિઅલ એસ્ટેટ ડેવલપર પ્રભુ ગ્રૂપ

# પ્રભુ ગ્રૂપ : 4 દાયકાથી વિશ્વાસ અને ગુણવત્તાનું પ્રતિબિંબ

રાજકોટના બાંધકામ ક્ષેત્રમાં 42 વર્ષથી સતત કાર્યરત પ્રભુ ગ્રૂપ આજે વિશ્વાસ, ગુણવત્તા અને સમયસર ડિલિવરી માટે ઓળખાય છે. અત્યાર સુધીમાં 50થી વધુ સફળ પ્રોજેક્ટો પૂર્ણ કરીને પ્રભુ ગ્રૂપે શહેરના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. રાજુભાઈ પોબારૂના પુત્ર દિશિતભાઈ પણ બાંધકામ વ્યવસાયમાં જોડાતા નવી પેઢીના સાહસ, વિચાર અને નવીનતાનો સંગમ જોવા મળશે. જેથી પ્રભુ ગ્રૂપના નવી જનરેશન સાથે પ્રગતિના નવા દ્વાર પણ ખૂલશે. સમય સાથે ચાલતા પ્રભુ ગ્રૂપે દરેક પ્રોજેક્ટમાં આધુનિક ટેકનોલોજી અને એન્જિનિયરિંગ નવીનતાનો સ્વીકાર કર્યો છે. ભૂતકાળમાં જ્યાં બાંધકામમાં વિલંબ સામાન્ય બાબત હતી, ત્યાં આજે રેડીમિક્સ કોંક્રીટ, આર.સી.સી. સિસ્ટમ અને ડિજિટલ મોનિટરિંગ જેવી ટેક્નોલોજીના ઉપયોગથી પ્રોજેક્ટો સમયસર અને ઉચ્ચ ગુણવત્તા સાથે પૂર્ણ થાય છે. ગુણવત્તા, સમયસર ડિલિવરી અને ગ્રાહક સંતોષ એ જ પ્રભુ ગ્રૂપના ત્રણ મુખ્ય સ્તંભ છે, જેના આધાર પર આજ પ્રભુ ગ્રૂપ રાજકોટના વિશ્વસનીય રિઅલ એસ્ટેટ ડેવલપર તરીકે ઓળખાય છે. રાજકોટમાં નાનામવા સર્કલ પાસે પ્રભુ ગ્રૂપ દ્વારા 5 સ્ટાર હોટેલનું નિર્માણ થઈ રહ્યું છે. આ સાહસથી નાનામવા વિસ્તાર તેમજ શહેરને એક આધુનિકતા સાથે લક્ઝુરિયસનું નવું સરનામું ઉપલબ્ધ થશે.



**રાજુભાઇ પોબારૂ**
બિલ્ડર
પ્રભુગૃપ

પ્રભુ ગ્રૂપે સરકારી એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમોના સહકારથી મધ્યમવર્ગ અને નાના લોકોને પણ ઘરનું સપનું સાકાર કરવા પ્રયત્નશીલ રહે છે. પ્રભુ ગ્રૂપ દ્વારા નિર્માણ કરવામાં આવતા 3 & 4 BHK ફ્લેટ અને પ્રીમિયમ શોરૂમો, ઓફિસીસ સહિતના કોમર્સિયલ પ્રોજેકટ તેમજ રહેણાક પ્રોજેક્ટ સાથેના અદ્યતન અને ટેકનોલોજી સાથે તેમજ મજબૂત બાંધકામ મટિરિયલ્સ સાથે પ્રીમિયમ ક્વોલિટીના હોય છે. એફોર્ડેબલ હોવા છતાં પ્રોજેક્ટોમાં ગુણવત્તામાં કોઈ સમજૂતી કરવામાં આવતી નથી. જે પ્રભુ ગ્રૂપની સૌથી મોટી ઓળખ છે.

# સ્વપ્રથી હકીકત સુધીની સફર પિન્ટુભાઈ પટેલનો અવિરત પ્રયત્ન

### પિન્ટુભાઈ ની દીર્ઘ દૃષ્ટિ અને બોમ્બે સુપર હાઈબ્રિડ સીડ્સ લિમિટેડની પ્રતિબદ્ધતા એ ભારતની કૃષિ ક્રાંતિની નવી શરૂઆત છે



**પિન્ટુભાઈ પટેલ**
ચેરમેન - એમ.ડી.
બોમ્બે સુપર સીડ્સ

બોમ્બે સુપર હાઈબ્રિડ સીડ્સ લિમિટેડના સ્થાપક શ્રી પિન્ટુભાઈ પટેલ (અરવિંદકુમાર કાકડિયા) એક એવા સ્વપ્નદૃષ્ટા છે, જેમણે પોતાના ધ્યેય, દૃઢ સંકલ્પ અને મહેનતથી ભારતીય કૃષિ ઉદ્યોગમાં નવી દિશા આપી છે. માત્ર 20 વર્ષની ઉંમરે તેમણે સ્થાનિક બજારમાંથી પોતાના વ્યવસાયની શરૂઆત કરી હતી. ગુજરાત સ્થિત આ કંપની સરકાર માન્ય રિચર્સ એન્ડ ડેવલપમેન્ટ ( R&D ) લાઈસન્સ ધરાવતી અગ્રણી સંસ્થા છે, વધુમાં, નવી દિલ્હી સ્થિત વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન વિભાગ (DSIR) દ્વારા કંપનીના ઈન-હાઉસ R&D યુનિટ ને માન્યતા પ્રાપ્ત છે.

કંપની પાસે 5 લાખ ચોરસ ફૂટના વિશાળ પ્રોસેસિંગ એરિયા સાથે ભારતના સૌથી મોટા અને અદ્યતન બીજ પ્રોસેસિંગ યુનિટ્સમાં સ્થાન છે. તેની સાથે 20,000 મેટ્રિક ટન સંગ્રહ ક્ષમતા ધરાવતું કોલ્ડ સ્ટોરેજ પણ કાર્યરત છે, જે ગુણવત્તા અને ક્ષમતા બંનેમાં અદ્વિતીય છે. એક દાયકાથી વધુ સમયથી સતત પ્રગતિ પામતી આ સંસ્થા આજે કૃષિ ક્ષેત્રમાં વિશ્વસનીય નામ બની ગઈ છે. કંપની આજે ૨૦૦ થી પણ વધારે પ્રોડક્ટસનો પોર્ટફોલિયો ધરાવે છે. મગફળી, ડુંગળી, ઘઉં, ચણા જેવા ઘણા ફિલ્ડક્રોપ અને સાથે શાકભાજીના બીજની વિવિધ જાતો માટે બોમ્બે સુપર હાઈબ્રિડ સીડ્સ લિમિટેડ ગુણવત્તા અને વિશ્વાસનું પર્યાય બની ગયું છે. "મારી અને અમારી ટીમની સખત મહેનત અને હિંમતથી બોમ્બે સુપર હાઈબ્રિડ સીડ્સ લિમિટેડ દાયકાઓથી શ્રેષ્ઠ ગુણવત્તાવાળા ઉત્પાદનો પ્રદાન કરી રહી છે. આજે અમે ભારતની અગ્રણી બીજ કંપનીઓમાં સ્થાન મેળવી શક્યા છીએ અને હવે અમારું ધ્યેય છે કે કૃષિ ઉદ્યોગમાં નવી ઊંચાઈઓ સર કરીને દેશની નંબર 1 કંપની બનીએ."

# ભારતની 730+ વોટપીક સુધી સોલાર પેનલ ઉત્પાદન કરતું સોપાન: ક્રેડેન્સ સોલાર

### સૌરઊર્જા ક્ષેત્રે ભારતભરમાં આજે મેક ઇન ઇન્ડિયાને પ્રોત્સાહનમાં ક્રેડેન્સ સોલારનો સિંહફાળો



**અશ્વિનભાઇ બોડા**
એમ.ડી.,
ક્રેડેન્સ સોલાર

છેલ્લા 27 વર્ષથી ઈલેક્ટ્રિકલ ક્ષેત્રે જોડાયેલા હતા ત્યાંથી તેમને સોલાર પેનલ મેન્યુફેક્ચરિંગનો વિચાર આવ્યો અને 2021માં ક્રેડેન્સની સ્થાપના કરી. માર્કેટમાં કંઈક અલગ રજૂ કરવા માંગતા હતા. માટે 650+ વોટપીક માર્કેટમાં લાવ્યા. જ્યારે આજે 730+વોટપીક સુધી સોલાર પેનલ ઉત્પાદન કરતી ભારતની એકમાત્ર કંપની એટલે ક્રેડેન્સ સોલાર. જે ચાઈનીઝ મોડ્યુલની ઈન્ડિયન માર્કેટમાં ભારે ડિમાન્ડ હતી. એ વોટપીકમાં ક્રેડેન્સ સોલાર કંપનીએ ભારતમાં સૌ પ્રથમ પહેલ કરી હતી. એ પણ ફુલ્લી ઓટોમેટિક મેન્યુફેક્ચરિંગ લાઇન સાથે શરૂઆત કરી જેનો અમને ગર્વ છે. સોલાર ઈન્ડસ્ટ્રીમાં ક્રેડેન્સ સોલારનું નામ ઝડપથી ઊભરતું છે. તે ગ્રાહકોને નવી ટેક્નોલોજી, ગુણવત્તા અને ગ્રાહક કેન્દ્રિત સેવાઓ પ્રદાન કરવા માટે જાણીતી છે. ક્રેડેન્સ સોલાર ઉચ્ચ ગુણવત્તાવાળા સોલાર મોડ્યુઅલની વિશાળ શ્રેણી ઓફર કરે છે. જેમાં મોનોપર્ક અને ટોપકોન ગ્લાસ ટુ ગ્લાસ બાયફેસિયલ પ્રોડક્ટનો સમાવેશ થાય છે. ક્રેડેન્સ સોલાર ગુજરાતના રાજકોટ ખાતે આવેલી કંપની છે. જેની વર્તમાન ઉત્પાદન ક્ષમતા 2.2 GW વીથ ફુલ્લી ઓટોમેટિક ક્વોલિટી કંટ્રોલ સાથેની પ્રોડક્ટ ઉત્પાદન કરે છે. ક્રેડેન્સ સોલાર પ્રા. લિ. ગુજરાત સહિત ભારતભરમાં વિશ્વ કક્ષાના સોલાર પેનલ પ્રદાન કરે છે. ઈન્ટરકનેક્શન ટેકનોલોજી-4 સ્ટેજ EL નિરીક્ષણ દ્વારા વધુ સારી ઉત્પાદન વિશ્વસનીયતા જેથી મજબૂતી બરકરાર રહે. વધુ સારા ટકાઉ અને લોન્જિવિટી મોડ્યુલો ઉચ્ચ ગુણવત્તાવાળા BOM સાથે ઉત્પાદિત કરવામાં આવી રહ્યા છે. ક્રેડેન્સ સોલારની વર્ષ 2021માં અશ્વીનભાઈ ચકુભાઈ બોડાએ રાજકોટ-જામનગર હાઈવે પર પડધરી નજીક પ્લાન્ટની સ્થાપના કરી હતી.

### શ્રી જગદીશભાઈ કોટડિયાની ઉદ્યોગ ક્ષેત્રે ચાર દાયકાની સફર, આધ્યાત્મિક વિચારો સાથે નવી પેઢી માટે માર્ગદર્શક દિશા

# આધ્યાત્મિકતા, પ્રગતિ અને ઉદ્યોગસાહસિકતા વચ્ચેનું જીવંત સંતુલન : જગદીશભાઈ



**જગદીશભાઇ કોટડિયા**
એમ.ડી.
ફેબટેક કેબલ પ્રા.લી.

રાજકોટ : ઉદ્યોગ ક્ષેત્રે સંઘર્ષથી સફળતા સુધીની અનોખી યાત્રાના સર્જક છે ફેબટેક કેબલ પ્રા. લિ. ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જગદીશભાઈ કોટડિયા. તેમના વ્યક્તિત્વમાં ઉદ્યોગ સાહસિકતા, આધ્યાત્મિકતા અને માનવતાનો અદભુત સમન્વય જોવા મળે છે. દરેક સંબોધન અને દરેક વિચાર સમાજ માટે પ્રેરણાસ્રોત બની રહે છે. શ્રી જગદીશભાઈ કોટડિયા 40 વર્ષથી એટલે કે છેલ્લા ચાર દાયકાથી ઉદ્યોગ જગતમાં સક્રિય છે. તેમણે રિટેલ, ટ્રેડ, ઈમ્પોર્ટ–એક્સપોર્ટ તથા મેન્યુફેક્ચરિંગ જેવા વિવિધ ક્ષેત્રોમાં મજબૂત સ્થાન મેળવ્યું છે. તેમનો સિદ્ધાંત છે "તમારી આવકના બધા સ્રોતો એક જ બકેટમાં ન રાખો." આ ફિલસૂફી મુજબ તેમણે ઉદ્યોગના વિવિધ ક્ષેત્રોમાં પગપેસારો કરીને પોતાના અનુભવોને બહુમુખી બનાવ્યા છે. ફેબ ટેક કેબલમાં જગદીશભાઈની સાથે પારસભાઈ શિગાળા ખભા સાથે ખભા મિલાવીને સફળતામાં સાથ આપ્યો છે. ગીતાના સિદ્ધાંતો પરથી પ્રેરણા લેતા તેઓ માને છે કે દરેક જીવમાત્રનું કલ્યાણ એ માનવીનો ધર્મ છે. પરિવાર, સમાજ અને રાષ્ટ્રના સમૃદ્ધ નિર્માણ માટે વ્યક્તિગત પાયો મજબૂત હોવો જરૂરી છે — એ વિચાર સાથે તેઓ જીવન જીવતા અને અન્યને દિશા તેમજ માર્ગદર્શન પ્રદાન કરતા આવ્યા છે. તેઓ કહે છે કે, "હું" ને બદલે "અમે" અને "આપડે" ને બદલે "સમૂહ" — એ જ સાચા ટીમવર્કનો આધાર છે. તેમનો ધ્યેય ભારતના ઉદ્યોગને વૈશ્વિક સ્તરે પ્રખ્યાત કરવાનો છે જેથી "Made in India" પ્રોડક્ટ વિશ્વમાં પ્રતિષ્ઠા મેળવે. તેમનો મંત્ર છે "Update your life, otherwise you will be outdated in society." ધર્મ, વૈશ્વિક દૃષ્ટિ કે વ્યવસાય — દરેક ક્ષેત્રમાં સતત અપડેટ રહેવું જ પ્રગતિનો માર્ગ છે. તમારી કંપની કે પ્રોડક્ટ બંનેને સમયાનુસાર અપગ્રેડ કરવી એ જ સફળતાનું રહસ્ય છે.

# JJ ગ્રૂપ : ગુજરાતની ધરતી પરથી ભારતના એન્જિનિયરિંગ વિશ્વમાં ઊંચી ઉડાન

### JJ EPC Pvt. Ltd. માત્ર ઈમારતો નહીં, પરંતુ વિશ્વાસ, ટેક્નોલોજી અને ગુણવત્તાના પાયા પર શહેરી ભારતનું પરિવર્તન

JJ EPC PVT. LTD.
A VENTURE OF JJ GROUP OF COMPANIES
DESIGN | ENGINEERING | CONSTRUCTION

**જય જોબનપુત્રા**
ડિરેક્ટર - JJ ગ્રૂપ ઓફ કંપનીઝ

ગુજરાત અને ભારતના અગ્રણી નાગરિક બાંધકામ અને એન્જિનિયરિંગ સંગઠન તરીકે સ્થાન પામેલ પશ્ચિમ ભારતની સૌથી વિશ્વસનીય નાગરિક બાંધકામ કંપની JJ ગ્રૂપ ઓફ કંપનીઝ આજે ગુણવત્તા, પ્રામાણિકતા અને ટેક્નોલોજીકલ નવીનતાનો પર્યાય બની ગયું છે. વિશ્વના શ્રેષ્ઠ સંસાધનોના મજબૂત બેકવર્ડ ઈન્ટીગ્રેશન સાથે અને ઉચ્ચ લાયકાત ધરાવતા એન્જિનિયરિંગ ટીમના સહકારથી, કંપની આજે ઉચ્ચ પ્રતિષ્ઠિત ઈમારતો, ભારે ઉદ્યોગો, હોસ્પિટલો, રમતગમત સંકુલો અને સંસ્થાકીય પ્રોજેક્ટ્સ માટે પ્રથમ પસંદગી તરીકે ઊભરી છે. અભ્યાસુ નિષ્ણાતો, આંતરરાષ્ટ્રીય ગુણવત્તાના ધોરણો અને નવીન તકનીકી અભિગમના સમન્વયથી, કંપનીએ ભારતમાં સિવિલ એન્જિનિયરિંગ ક્ષેત્રે વિશ્વાસ, ગુણવત્તા અને સમયપાલનનું પ્રતીક સ્થાપિત કર્યું છે. આ પ્રતિષ્ઠિત ગ્રૂપની સ્થાપના પ્રથમ પેઢીના ઉદ્યોગસાહસિક શ્રી જય જોબનપુત્રા દ્વારા માત્ર 18 વર્ષની ઉંમરે કરવામાં આવી હતી. આજ રોજ, JJ ગ્રૂપ દેશના અનેક અગ્રણી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં પોતાનું મજબૂત સ્થાન ધરાવે છે. JJ ગ્રૂપની મુખ્ય એકમ JJ EPC પ્રાઈવેટ લિમિટેડ, એન્જિનિયરિંગ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શન (EPC) ક્ષેત્રે કાર્યરત છે અને પશ્ચિમ ભારતની સૌથી વિશ્વસનીય સિવિલ કન્સ્ટ્રક્શન કંપનીઓમાંની એક તરીકે ઓળખાય છે. કંપનીએ અત્યાર સુધી અનેક ઉચ્ચ પ્રતિષ્ઠિત ઈમારતો, ભારે ઉદ્યોગ પ્રોજેક્ટ્સ, હોસ્પિટલો, હોટેલ્સ, રિસોર્ટ્સ અને સંસ્થાકીય માળખાંનું સફળ નિર્માણ કર્યું છે. JJ EPC નું મુખ્ય ધ્યેય ઊંચી પ્રતિષ્ઠિત ઈમારતો (22 માળથી 50 માળ સુધી), મોટા ઉદ્યોગો, હોસ્પિટલો, હોટેલ અને રિસોર્ટ્સ તેમજ સંસ્થાકીય ઈમારતો/લેન્ડમાર્ક બનાવવાનો છે.

**સિવિલ કન્સ્ટ્રક્શન ઉદ્યોગમાં કૌશલ્ય વિકાસ અને રોજગારક્ષમતાને વેગ આપવા માટે શ્રેષ્ઠતા કેન્દ્ર (Center of Excellence) સ્થાપિત કરવાનું અમારું મુખ્ય ધ્યેય છે.**

JJ EPC Pvt. Ltd. પાસે આજે ઈન-હાઉસ ટેક્નોલોજીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે જેમાં મૈવાન, એલ્યુમિનિયમ ફોર્મવર્ક, ટનલ ફોર્મ, પેરી ફોર્મવર્ક સિસ્ટમ, ગુજરાતની સૌથી મોટી AAC બ્લોક્સ અને પેનલ્સ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી, કેપ્ટિવ RMC પ્લાન્ટ્સ, અને ખાસ આયાત કરેલી ગુજરાતની સૌથી મોટી ટાવર ક્રેન, એન્જિનિયર્ડ ટાવર ક્રેન્સનો સમાવેશ થાય છે. ઉચ્ચ ગુણવત્તા માટે NABL પ્રમાણિત લેબ્સ અને ERP, BIM and 5D - લીન કન્સ્ટ્રક્શન મેનેજમેન્ટ આધારિત ડિજિટલ મોનિટરિંગ સિસ્ટમ JJ EPCની કાર્યક્ષમતા વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કંપનીના 100થી વધુ અનુભવી એન્જિનિયર્સ, 25થી વધુ ટેક્નિકલ સહાયક સ્ટાફ અને 2500થી વધુ કુશળ અને અકુશળ શ્રમિકબળના સહયોગથી JJ EPC એ દરેક પ્રોજેક્ટને સમયસર અને ગુણવત્તાસહીત પૂરું કરવાની મજબૂત પરંપરા સ્થાપી છે. રાજકોટ, અમદાવાદ, મોરબી, વડોદરા, જામનગર અને દહેજમાં JJ EPC કાર્યરત છે, જે સમગ્ર ગુજરાતમાં ઝડપી સેવા પૂરી પાડે છે. JJ EPC Pvt. Ltd. એ સતત નવીનતા અને સંશોધન દ્વારા વધુ ગ્રીન, સ્માર્ટ અને ટકાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તરફ આગળ વધી રહ્યું છે. I.S. ધોરણોથી આગળ જઈને કંપનીએ પોતાનો JJ EPC સ્ટાન્ડર્ડ વિકસાવ્યો છે, જે પર્યાવરણને અનુકૂળ અને ટેક્નોલોજી આધારિત માળખાકીય ઉકેલો આપે છે.

JJ ગ્રૂપના અન્ય એકમોમાં એજે સ્માર્ટબિલ્ડ પ્રાઈવેટ લિમિટેડ વિશ્વનું શ્રેષ્ઠ, ભારતનું શ્રેષ્ઠ અને ગુજરાતનું સૌથી મોટું ફુલ્લી ઓટોમેટિક અને ઈન્ટિગ્રેટેડ એએસી બીકોક્સ તેમજ એએસી પેનલ્સ અને કન્સ્ટ્રક્શન કેમિકલ્સ મેન્યુફેક્ચરિંગ યુનિટ એન્જલ ગ્રૂપ સાથે જોડાણમાં કાર્યરત છે. JJ ઈન્ફ્રા એન્ડ એન્જિનિયરિંગ (PPP અને સ્માર્ટ સિટી પ્રોજેક્ટ્સ), JJ હેલ્થકેર સોલ્યુશન્સ, સ્ટેલિયન સ્ટ્રક્ચર્સ (મુંબઈ, પુણે અને મધ્ય આફ્રિકા) અને શાર્ક મેરીટાઈમ કોર્પ (પોર્ટ ડેવલપમેન્ટ) નો સમાવેશ થાય છે. આ તમામ એકમો મળીને JJ ગ્રૂપને એક મલ્ટી-ડોમેન, એન્જિનિયરિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીડરશિપ હબ તરીકે ઊભું કરે છે. કન્સ્ટ્રક્શન ટેક્નોલોજી અપનાવવાની સાથે, સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને જાહેર પરિવહન એ એફોર્ડેબલ હાઉસિંગ માટે આવશ્યક છે. જો તક મળશે, તો અમે JJ EPC ખાતે રાજકોટના નાગરિકોના હેપ્પીનેસ ઈન્ડેક્સને વધારવા માટે ગ્રીન બિલ્ડિંગ કોન્સેપ્ટ્સ સાથે એફોર્ડેબલ હાઉસિંગ બનાવીશું.